# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૨૮/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# શું મહિલાઓ કાયદાથી સુરક્ષિત છે? વિશેના બીજા ભાગમાં એડવોકેટ હિરલ પાનવાલાએ મહિલાઓને ગંભીર કાયદાઓ વિશે સમજણ આપી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૪ જૂન ૨૦૨૧ના રોજ 'શું મહિલાઓ કાયદાથી સુરક્ષિત છે? વિષય ઉપર વેબિનારનો બીજો ભાગ યોજાયો હતો. જેમાં એડવોકેટ હિરલ પાનવાલા (ખજાનચી)એ મહિલાઓ બાબતના ગંભીર કાયદાઓ અંગે વિસ્તૃત સમજણ આપી હતી.

એડવોકેટ હિરલ પાનવાલા (ખજાનચી)એ રેપલોઝ, સેકશ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વુમન એટ વર્ક પ્લેસ, બ્લેક મેલીંગના કાયદાઓ ઉપર ચર્ચા કરી હતી. સાથે જ સ્ત્રીઓને લગતા કેટલાક સિવિલ કાયદાઓ જેવા કે સ્ત્રીઓના વારસાગત મિલ્કતોના અધિકાર, સ્ત્રીઓના નામે પતિ તેઓની જાણ બહાર બિઝનેસ કરતા હોય ત્યારે તેઓએ શું કાળજી લેવી જોઇએ અને કઇ રીતે પોતાને બચાવી શકે છે? તે બાબતે જરૂરી સલાહ આપી સોશ્યલ મિડિયામાં સ્ત્રીઓએ પોતાને કઇ રીતે પોતાને સુરક્ષિત રાખી શકે છે? તે વિશે તેમણે વિસ્તૃત સમજણ આપી હતી.

આ ઉપરાંત લીવ ઇન રિલેશનશિપમાં રહેતી મહિલાઓને ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળ કઇ રાહતો મળી શકે છે તે અંગે માહિતી આપી હતી. બળાત્કારના કાયદામાં કન્સેન્ટ હોય તો અને કન્સેન્ટ ના હોય તો શું કાયદાકીય અસર પડે છે? તે અંગે તેમજ ૨૦૧૩ના સુધારાઓ બાદ બળાત્કારની સજાના પ્રમાણમાં શું વધારો થયો છે? તે વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. લીવ ઇન રિલેશનશિપ કોને કહેવાય અને કેવી – કેવી રિલેશનશિપ એ લીવ ઇન રિલેશનશિપ કહેવાશે તે બાબતે પણ તેમણે સમજણ આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્ત્રીઓને ૨૦૦૫ના સુધારા પછી વારસાઇમાં દિકરી તરીકે સરખો હિસ્સો પ્રાપ્ત થયો છે અને તેને કારણે સ્ત્રીઓને પ્રોપર્ટીના કાયદામાં ફાયદો થયો છે. સ્ત્રી અને પુરુષના લગ્ન પહેલાના ગોરખધંધાઓ છુપાવીને લગ્ન કરેલા હોય તો લગ્ન રદબાતલ કરવા માટેનો દાવો કરી શકાય છે તેમ તેમણે જણાવ્યું હતું.

ચેમ્બરના માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું.